# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

**1)** લોકસભામાં આજે રેલવે, કૃષિ અનુદાન માંગણીઓ પર ચર્ચા કરાશે

**2)** ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ચૂંટણીની તારીખ જાહેર

**3)** ગંગા નદી કિનારે ગેરકાયદે બાંધકામ હટાવવા લેવાયેલા પગલાંની માહિતી આપવા સર્વોચ્ચ અદાલતનો કેન્દ્ર સરકારને નિર્દેશ

**4)** પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે, એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ આજે 48 ઉડાનનું સંચાલન કરશે

**5)** સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારતની રમતગમત અર્થવ્યવસ્થાને વેગ આપવા જાહેર-ખાનગી ભાગીદારી વધારવા હાકલ કરી

**6)** બેંગકોકમાં રમાઈ રહેલા વર્લ્ડ બોક્સિંગ ફ્યુચર્સ કપમાં ભારતે એક સુવર્ણ સહિત પાંચ ચંદ્રક જીત્યા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT TODAY

લોકસભા આજે વર્ષ 2026-27 માટે રેલ્વે મંત્રાલયની અનુદાનની માંગણીઓ પર ચર્ચા અને મતદાન હાથ ધરશે. આ ઉપરાંત, 2026-27 માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નિયંત્રણ હેઠળની અનુદાનની માંગણીઓ પર પણ ચર્ચા થશે.

રાજ્યસભામાં, વિનિયોગ વિધેયક, 2026 વિચારણા માટે રજૂ કરાશે. આ વિધેયક નાણાકીય વર્ષ 2025-26 માટે ભારતના સંકલિત ભંડોળમાંથી ચુકવણી અને વિનિયોગને અધિકૃત કરશે.

# MORN.BJP-ASSEMBLY-POLLS.

ચૂંટણી પંચે ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીનું સમયપત્રક જાહેર કર્યું છે. આસામ, કેરળ, પુડુચેરી અને તમિલનાડુમાં એક જ તબક્કામાં ચૂંટણી યોજાશે, જ્યારે પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ગઈકાલે નવી દિલ્હીમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

### BYTE: GYANESH-POLLING-SI

આસામ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે જાહેરનામું આજે જારી કરવામાં આવશે. તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કા માટે જાહેરનામું ૩૦ માર્ચે અને બીજા તબક્કા માટે ૨ એપ્રિલે બહાર પાડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભાનો કાર્યકાળ 7 મેના રોજ, આસામ વિધાનસભાનો 20 મેના રોજ, કેરળનો 23 મેના રોજ, તમિલનાડુનો 10 મેના રોજ અને પુડુચેરીનો 15 જૂનના રોજ સમાપ્ત થઈ રહ્યો છે.

## MORN.-EC-BY-POLLS

આ સાથે ચૂંટણી પંચે ગુજરાત સહિત છ રાજ્યોમાં આઠ વિધાનસભા બેઠકો માટે પેટા ચૂંટણીઓની પણ જાહેરાત કરી છે. આ વિધાનસભા બેઠકો ગોવામાં પોંડા, ગુજરાતની ઉમરેઠ, કર્ણાટકની બાગલકોટ અને દાવણગેરે, મહારાષ્ટ્રમાં રાહુરી અને બારામતી, નાગાલેન્ડમાં કોરીડાંગ અને ત્રિપુરામાં ધર્મનગરનો સમાવેશ થાય છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ગોવા, કર્ણાટક, નાગાલેન્ડ અને ત્રિપુરામાં પેટા ચૂંટણીઓ માટેનું જાહેરનામું આજે બહાર પાડવામાં આવશે, અને 9 એપ્રિલે મતદાન થશે. ગુજરાત અને મહારાષ્ટ્રની પેટાચૂંટણીઓ માટેનું જાહેરનામું આ મહિનાની 30મી તારીખે બહાર પાડવામાં આવશે, અને 23 એપ્રિલે મતદાન થશે. મતગણતરી 4 મેના રોજ થશે.

ઉલ્લેખનીય છે કે વિમાન દુર્ઘટનામાં નાયબ મુખ્યમંત્રી અજિત પવારના મૃત્યુ બાદ બારામતી વિધાનસભા બેઠક ખાલી પડી હતી. ભાજપના ધારાસભ્ય શિવાજી રાવ કર્દિલેના મૃત્યુ બાદ અહિલ્યાનગર જિલ્લાની રાહુરી વિધાનસભા બેઠક ખાલી પડી હતી. ધારાસભ્ય ગોવિંદ પરમારનું તાજેતરમાં અવસાન થતાં ગુજરાતના આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક ખાલી પડી છે.

# SC-GANGA

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને ગંગા નદીના કિનારા અને પૂર વિસ્તારો પર ગેરકાયદેસર બાંધકામો અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા અને અતિક્રમણ દૂર કરવા માટે લેવામાં આવેલા પગલાંની માહિતી આપવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતે કેન્દ્ર સરકારને ગંગાના કાયાકલ્પ, સંરક્ષણ અને વ્યવસ્થાપન માટેના જાહેરનામાના અમલીકરણ માટે અત્યાર સુધી લેવામાં આવેલા પગલાંની માહિતી પ્રદાન કરવા પણ કહ્યું છે.

ગંગા બેસિનના અનેક રાજ્યોને નોટિસ જારી કરતા અદાલતે જણાવ્યું કે આ મુદ્દા પર વ્યક્તિગત કેસોથી આગળ વ્યાપક તપાસની જરૂર છે. વધુમાં, સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર પાસેથી સ્પષ્ટતા માંગી છે કે સંબંધિત અધિકારીઓ કોર્ટ પાસેથી સૂચનાને અસરકારક રીતે લાગુ કરવા અને કાંઠા અને પૂરના વિસ્તારોને અતિક્રમણથી સંપૂર્ણપણે મુક્ત કરવા માટે કેવા નિર્દેશો ઈચ્છે છે.

સર્વોચ્ચ અદાલતે પટણાના રહેવાસી દ્વારા ૩૦ જૂન, ૨૦૨૦ ના રોજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી, આ મામલાની આગામી સુનાવણી 23 એપ્રિલે થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## WEST ASIA - INDIA FLIGHTS

**પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે, એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ આજે 48 ઉડાનનું સંચાલન કરશે. જેમાં ભારતીય શહેરો અને જેદ્દાહ વચ્ચે 10 ફ્લાઇટ અને મસ્કતની 12 ફ્લાઇટનો સમાવેશ થાય છે.**

**સત્તાવાર યાદી અનુસાર એર ઇન્ડિયા દિલ્હી અને મુંબઈથી એક-એક, જ્યારે એર ઇન્ડિયા એક્સપ્રેસ બેંગલુરૂ, કોઝિકોડ અને મેંગલોરથી એક-એક ફ્લાઇટ ચલાવશે. એર ઇન્ડિયા એક્સપ્રેસ મસ્કતથી 12 ફ્લાઇટ પણ ચલાવશે, જેમાં દિલ્હી, કન્નુર, મુંબઈ અને તિરુવનંતપુરમથી એક-એક અને કોચીથી બે ફ્લાઇટનો સમાવેશ થશે.**

**આ ઉપરાંત સ્પાઇસજેટ સંયુક્ત આરબ અમીરાતના ફુજૈરાહથી ભારત અને દુબઈથી પુણે માટે એક વિશેષ ફ્લાઇટ ચલાવી રહી છે. કતાર એરવેઝ પણ નવી**

દિલ્હી, મુંબઈ અને કોચી સહિતના ભારતીય શહેરો માટે ફ્લાઇટનું સંચાલન કરી રહ્યું છે. એરલાઇન્સે મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેમની ફ્લાઇટની સ્થિતિ તપાસવાની સલાહ આપી રહી છે.

# WAR

પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ સોળમા દિવસમાં પ્રવેશ્યો છે. અમેરિકા અને ઇઝરાયલી દળો દ્વારા ઈરાન પર સતત હુમલાઓને કારણે યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

**VC- KARAN MAKVANA**

*(ઈરાનના ઔદ્યોગિક શહેર ઇસ્ફહાનમાં ગઇકાલે અનેક હુમલા થયા, જેમાં 15 લોકો માર્યા ગયા. જવાબમાં ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે ઇઝરાયલી લક્ષ્યો પર મિસાઇલ હુમલાઓ કર્યા.*

*દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે યુએસ ઈરાન સાથે કોઈપણ કરાર માટે તૈયાર નથી, અને વર્તમાન પરિસ્થિતિ અમેરિકા માટે અસ્વીકાર્ય છે. તેમણે ચેતવણી આપી છે કે વધુ હુમલાઓ ઈરાનના મુખ્ય તેલ નિકાસ કેન્દ્ર ખાર્ગ ટાપુને નિશાન બનાવી શકે છે.*

*દરમિયાન, ઈરાની વિદેશ મંત્રી  સૈયદ અબ્બાસ અરાઘચીએ જણાવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ ફક્ત યુએસ અને ઇઝરાયલી જહાજો માટે બંધ છે, જોકે કંપનીઓએ વધતા જોખમોને કારણે પ્રદેશના જળમાર્ગ દ્વારા વાણિજ્યિક જહાજોની અવરજવરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે.*

*કરણ મકવાણા આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# IEA-OIL RELEASE

આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી-IEAએ જણાવ્યું કે, તેના સભ્ય દેશો વૈશ્વિક સ્તરે ભાવ ઘટાડા માટે ઈંધણ તેલના કટોકટી ભંડોળમાંથી મોટા પ્રમાણમાં પુરવઠો છૂટો કરશે.

સાંભળીએ એક અહેવાલ.....

VC-ANAND

# RAJNATHSINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારતની રમતગમત અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે જાહેર-ખાનગી ભાગીદારીને વધારવા હાકલ કરી

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારતની રમતગમત અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે જાહેર-ખાનગી ભાગીદારી વધારવા આહ્વાન કર્યું છે. તેમણે જણાવ્યું કે સરકાર વિવિધ પ્રયાસો દ્વારા દેશમાં એક રમતગમત સંસ્કૃતિ બનાવી રહી છે જે રમતવીરો અને યુવાનોને તકો અને સંસાધનો પૂરા પાડે છે. શ્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં આદિત્ય બિરલા મેમોરિયલ પોલો કપ ફાઇનલ દરમિયાન એક સભાને સંબોધતા આ મુજબ જણાવ્યું

સંરક્ષણ મંત્રી જણાવ્યું કે ખેલો ઇન્ડિયા અને ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ યોજના જેવી પહેલો, રમતગમતના માળખાના નોંધપાત્ર વિકાસ સાથે, યુવાનોને પ્રગતિ અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે એક નવું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

# BOXING

ભારતે બેંગકોકમાં રમાઈ રહેલા વર્લ્ડ બોક્સિંગ ફ્યુચર્સ કપમાં એક સુવર્ણ સહિત પાંચ ચંદ્રક જીત્યા. યુવા ઓલિમ્પિક વજનજૂથમાં અંડર-19 ભારતીય પુરુષ અને મહિલા ટીમે શાનદાર પ્રદર્શન કર્યું. ગઇકાલે અંતિમ દિવસે, ચંદ્રિકા પૂજારીએ મહિલાઓના 51 કિલો વજનવર્ગમાં ઉઝબેકિસ્તાનની મર્દોનોવા નાઝોકાટને 5-0થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

પુરુષોની 50 કિલો વજન શ્રેણીમાં, એલ. અંબેકર મીતેઈએ રજત ચંદ્રક જીત્યો. અગાઉ ટુર્નામેન્ટમાં, રાધામણિ લોંગજામે મહિલાઓના 57 કિલો વજનજૂથમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાતના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે – પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાયું
- નવગુજરાત સમય લખે છે – આસામ, બંગાળ સહિત 5 રાજ્યોમાં ચૂંટણી જાહેર
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – મમતા – હિમંતા કો રાજ બચાને કી ચૂનૌતી, કેરલ મે વામપંથ કી પરીક્ષા